# ગીત

## કૃષ્ણ દવે

### .1.

બીજું શું કરવાનું સ્કુલમાં?
આખ્ખાયે ધંધામાં રાખવાનું ધ્યાન,
ક્યાંય અત્તર રહી જાય નહીં ફુલમાં;
બીજું શું કરવાનું સ્કુલમાં ?
ભણવાનાં કારખાનાં ધમધમતાં રાખવાની
આપું બે ચાર તને ટીપ ?
માછલીની પાસેથી ઉઘરાવ્યે રાખવાની,
મોતી ભરેલ કંઈક છીપ.
માસુમીયત જોઈ જોઈ લાગણીનું સપનું;
પણ જોજે આવે ન ક્યાંક ભુલમાં.
બીજું શું કરવાનું સ્કુલમાં ?
સીધેસીધું તો કદી મળવાનું નહીં,
થોડું બેસાડી રાખવાનું બ્હાર;
થનગનતી ઈચ્છાને લાગવું તો જોઈએ
ને કેટલો છે મોટ્ટો વેપાર !
ઉંચે આકાશ કૈંક દેખાડી ડાળ,
પાછું પંખીને કહેવાનું ઝુલ મા.
બીજું શું કરવાનું સ્કુલમાં ?
ધારદાર ફતવાઓ પાડવાના બ્હાર
અને ભાષણ પણ કરવાનું લીસ્સું,
અર્જુનને પંખીની આંખ જ દેખાય,

એમ તારે પણ વાલીનું ખીસ્સું.
શીક્ષણ નહીં; ફાઈવસ્ટાર બીલ્ડીંગ,
જરુરી છે સૌથી પ્હેલા તો સંકુલમાં.
બીજું શું કરવાનું સ્કુલમાં ?

## .2.

હાથથી સરી જાય તે સમય, ખોળવા છતાંય કોઈને પાછો ક્યાંય મળે નહીં,
જેમ કે સર્યું નેણથી આંસુ, આંખને ફરી મળવા પાછું ક્યાંય વળે નહીં.
જળનો મળે દેહ ને પાછો ઢાળ ને એમાં વહેવાની એક પળ મળે, તો કોણ ચુકે છે?
આંગળી ઝાલી પ્હાડની જરાક ચાલતા શીખે ઝરણાં, ત્યાં તો દોટ મુકે છે.
રાહ જોતી બે આંખ તો બની જાય છે કાંઠો, તેમ છતાંયે જળની ભીતર
ક્યાંય કશું પણ ખળભળે નહીં; હાથથી સરી જાય તે સમય...
મુળ જો એની મોજમાં આવી જાય, તો કાળા ડુંગરાઓનાં પળમાં લીલાં વાન કરી દે,
ટહુકા આવી, ગામ ગજાવી, ઝાડની નસેનસમાં લીલું ગાન ભરી દે.
તેમ છતાંયે કઈ પળે એક પાંદડું ખરી જાય, અચાનક જીવ લગોલગ હોય;
છતાં પણ ડાળ કળે નહીં; હાથથી સરી જાય તે સમય...

## .3.

કોઈનેય નબળા ના ધારીએ.
ઉઠતા અવાજોને અવગણતા રહીએ તો બીજું શું થાય? કદી'ક હારીએ.
કોઈનેય નબળા ના ધારીએ.
સુરજને મુઠ્ઠીમાં પકડી ફરીએ ને ક્યાંક પુનમની ચાંદની દઝાડે,
પથ્થરને ઓશીકે આંખ મળી જાય; પણ તકીયાઓ રાતને બગાડે,
દાવાનળ થાતાં શી વાર લાગવાની; જેને ચીનગારી સમજી ના ઠારીએ.
કોઈનેય નબળા ના ધારીએ.

રસ્તો રોકીને કહે આગળ તો કોઈ નથી; તોય કેમ ભાગો છો આપ?
બુલડોઝર ફેરવીને ભુંસી રહ્યા છો તમે, ધુળમાંથી પગલીની છાપ?
કો'ક દીવસ થોભીને પાછળ જોઈએ ને વીતેલા ખુદને સંભારીએ.
કોઈનેય નબળા ના ધારીએ.
મોજાં ને લોકોનું સરખું છે સાવ, એ તો કાંઠે પણ લાવી ડુબાડે!
વાયુને પળભર તો પકડી શકાય છે, એ પરપોટા સૌને શીખવાડે;
તોફાની દરીયામાં સૌનાં હલ્લેસાંથી સાથે આ હોડી હંકારીએ.
કોઈનેય નબળા ના ધારીએ.

## .4.

ઉઠ્ઠા ભણાવે છે ઉઠ્ઠા!
પાંચ પાંચ વરસથી પાણી પીવડાવીએ ને તોય સાલા બુઠ્ઠા ઈ બુઠ્ઠા.
ઉઠ્ઠા ભણાવે છે ઉઠ્ઠા!
અમને તો એમ કે આ ડાળખાંને રોપીએ, તે કો'ક દીવસ કોળી તો જાશે;
અમને શું ખ્યાલ કે આ આખ્ખીએ ઘટનામાં માટીને મુંજારો થાશે!
પોતે બળેલાઓ, બીજાનેય બાળે ને છાયડો શું દેતાં'તાં ઠુંઠાં ?
ઉઠ્ઠા ભણાવે છે ઉઠ્ઠા!
નવા નક્કોર ઘણાં ટાઈટલ જોયાં, તે થયું આમાંથી કો'ક ગીત ગાશું;
અમને શું ખ્યાલ કે આ સહકારી સ્ટોરમાંય ધોળે દી' છેતરાઈ જાશું!
અંદર તો ઈ ની ઈ ચોપડીયું, ભાઈ ખાલી પુંઠાં બદલાવ્યાં છે પુંઠાં!
ઉઠ્ઠા ભણાવે છે ઉઠ્ઠા!
અમને તો એમ કે આ રાહતનો માલ છે, તે બધ્ધાને સરખો વ્હેંચાશે,
અમને શું ખ્યાલ કે આ ફાઈસ્ટાર બંગલામાં પ્હેલવેલો તંબુ ખેંચાશે!
ક્યે છે કે પેલ્લાના ચપટીક ભરતા'તા, તો આ તો ભરે છે સીધા મુઠા.
ઉઠ્ઠા ભણાવે છે ઉઠ્ઠા !!!

## .5.

પગમાં પંક્ચર સો સો, તોયે ભાર ઉંચકવા માટે ઍબલ બની ગયો છું,
ને ઝીંકાતા ઘાની વચ્ચે આપોઆપ જ અનબ્રેકેબલ બની ગયો છું.
જાણીબુઝી એ લોકોએ સ્ટ્રેટ મને ના વહેવા દીધો,
જાણીબુઝી એ લોકોએ ઓરીજીનલ ના રહેવા દીધો;
ડુપ્લીકેટ બધું મારામાં; છતાં ભરોસો રહે બધાનો એવું લેબલ બની ગયો છું.
કો'ક હૃદયને ચાર્જ કરાવે, કો'ક સ્વપ્નનો બલ્બ જલાવે,
કો'ક હુંફનું હીટર ચલાવે, કો'ક પ્રેમનું મીટર ચલાવે;
ક્યાંક સ્કાયમાં, ક્યાંક ખાઈમાં, ક્યાંક શીશુની ફ્રેશ આઈમાં,
સમ્વેદનને વહેતું રાખે એવો કેબલ બની ગયો છું.
હવે ક્ષણોની સાથે મેં પણ કોમ્પ્રોમાઈઝ કરી લીધું છે,
ને આખું અસ્તીત્વ હવે તો અન્ડરસાઈઝ કરી લીધું છે;
નહીં સહેજ પણ ફાંટ, હવે તો નહીં ખુણો–ખચકાટ,
એટલો કમ્ફર્ટેબલ બની ગયો છું.

## .6.

ખીસ્સાં છે, કાતર છે... ને આ બે જ હાથની પેર છે, એય લીલાલ્હેર છે!
દરેકની સાઈઝમાં જો કે નાના-મોટા ફેર છે, એય લીલાલ્હેર છે!
કોઈ કહે છે બધું મજાનું, કર 'હા જી હા', કોઈ કહે છે બધું નકામું, કર 'હા જી હા',
કોઈ કહે છે બધું બરાબર... કોઈ કહે અંધેર છે, એય લીલાલ્હેર છે!
જલદી જલદી આવ ભાનમાં, કે'વાનું કંઈ બધું કાનમાં, સમજી જા ને બધું સાનમાં;
જલદી કરવા માંડ, ઉંઘમાં આખેઆખું શહેર છે, એય લીલાલ્હેર છે!
અહીં કંઈ જ ના થાતું એવું બોલ નહીં તું, ઉંઘે છે આ ખાતું એવું બોલ નહીં;
તું અરે! જોઈ લે કાગળીયા પર ઘણી બધીયે ન્હેર છે, એય લીલાલ્હેર છે!
હું કે તું, ક્યાં કંઈ કરવાના? એક બીજાથીયે ડરવાના, માણસના નામે મરવાના;
એ જ બધા કંઈ કરી શકે છે, જેની પાસે 'ચેર' છે, એય લીલાલ્હેર છે!

આણે આનું ખુબ કરેલું, આનું ખીસ્સું ખુબ ભરેલું, આનું ખેતર ખુબ ચરેલું;
એવા તો કીસ્સાઓ મારા ખીસ્સામાં તોંત્તેર છે, એય લીલાલ્હેર છે!

## .7.

રહેવા દે, એને હું આખ્ખોયે જાણું છું, આંગળીના ટેરવે નચાવશે;
અંધારી કોટડીમાં સુરજને પકડીને, અજવાળું બ્લેકમાં ખપાવશે!
રહેવા દે, એને હું...
ઉડતા પતંગીયાને રસ્તામાં રોકીને, કહેશે કે લાઈસન્સ આપો,
ફુલોના દરીયામાં વ્હેતો મુકો છો કેમ, ગમ્મે ત્યાં રંગનો તરાપો?
આખ્ખું આકાશ એની મુઠ્ઠીમાં પકડીને, પાંખોના કાયદા છપાવશે!
રહેવા દે, એને હું...
ઈચ્છાની જેમ તું તો ફાલ્યા કરે છે, આમ માળીને દઈદઈને લાંચ;
લીલીછમ આંખોથી નીરાંતે કો'ક દીવસ, ઉગવાના નીયમો તો વાંચ!
જોજે ને પરભાર્યું મુળમાંથી ઝાલીને, વૃક્ષોને સ્ક્વેરફુટ મપાવશે!
રહેવા દે, એને હું...
હોઠો પર હસવાની તંગી વરતાય, એમાં બગડે છે વહીવટની છાપ;
એમાં શું, નાનકડા બાળકના સ્માઈલ પર આજથી જ મુકી દો કાપ!
તમને પણ લાગે છે? એક જ આ એવો છે આગળ જે દેશને ધપાવશે?
રહેવા દે, એને હું...

## .8.

એનું જોબનીયું ફાટ ફાટ થાય છે, ઈ તો મનમાં ને મનમાં મુંઝાય છે;
એક ફાઈલને સત્તરમું જાય છે!
કેર કાંટો વાગે ને એમ, એના હૈયામાં વાગે છે ટાંકણીનો કાંટો,
મનમોજી બોલપેનું ઉઘડી ઉઘડીને, એને ગમ્મે ત્યાં ઉડાડે છાંટો;

આવી ઉમ્મરમાં આવું તો થાય છે, કોણ ક્યે છે કે છેડતી કરાય છે?
એક ફાઈલને સત્તરમું જાય છે!
કો'ક દીવસ ઉઘડી એ અંગડાઈ લઈ લ્યે, તો જોનારા થઈ જાતા આભા!
પ્રેમમાં જુવાનીયાઓ હોય ઈ તો સમજ્યા; પણ અહીંયાં તો નીકળે છે ભાભા!
કેવા કેવા લવલેટર પકડાય છે? આખું ઓફીસીયું ગામ ગાંડું થાય છે!
એક ફાઈલને સત્તરમું જાય છે!
આંબાની ડાળ જેમ કેરી ઝુલે ને એમ અંગેઅંગ ઝુલે છે ક્વેરી,
એકા'દું પગલું એ ભરવા માંગે ને ત્યાં તો આડા ઉતરે છે એના વેરી;
એક માણસનું તળીયું ઘસાય છે, એક પથ્થરમાં ડુસકું અથડાય છે;
એનું જોબનીયું ફાટ ફાટ થાય છે, ઈ તો મનમાં ને મનમાં મુંઝાય છે.
એક ફાઈલને સત્તરમું જાય છે!

## .9.

સમય નામના ઘાટ ઉપર, સમ્બન્ધોના લીસ્સા પથ્થર પર;
ધોવાના બહાના હેઠળ પીટાતો માણસ, મેં જોયો છે; તેં જોયો છે ?
શેરી વચ્ચે ખુલ્લમ્ ખુલ્લા બાળક જેવી રમત રમીને, ગોળ કુંડાળે,
શોધી કાઢી તાકીને ઈંટાતો માણસ, મેં જોયો છે; તેં જોયો છે ?
વારવારના વાર કરી દે, કટકા એક હજાર કરી દે;
કો'ક જુએ ને કો'ક ખરીદે, ના માંગો એ ફરી ફરી દે;
અને છતાંયે નહીં ખપેલા કાપડના તાકાની માફક,
ફરી ફરી વીંટાતો માણસ, મેં જોયો છે; તેં જોયો છે ?
વાઢે, કાઢે રસ ને બાળે; બાળી, બાળી ફરી ઉકાળે;
પછી નીરાંતે ઠારે, ગાળે, સઘળાં બેસી એક કુંડાળે;
એ મહેફીલમાં વારે વારે પ્યાલાઓમાં –
ભરી ભરી ઢીંચાતો માણસ, મેં જોયો છે; તેં જોયો છે ?

હતી અડાબીડ ડાળો, વચ્ચે એક હતો ત્યાં માળો, પાછો એય હુંફાળો;
એમાં પહેલી-વહેલી પાંપણ ખોલી નજર કરીને
આભ જોઈને પાંખ ફુટી ને પળમાં તો ઉડે એ પહેલાં;
તીણાં તીણાં ન્હોર વડે પીંખાતો માણસ, મેં જોયો છે; તેં જોયો છે ?
ટીપી ટીપી ઘાટ ઘડાવે, ઉપર પાણી ખુબ ચડાવે,
ઘસી ઘસીને ધાર કઢાવે, હાથા એના કંઈક બનાવે;
આખેઆખી જાત છુપાવી, લાગ જોઈને વાર કરે ને
પછી ખચાખચ્ માણસ પર ઝીંકાતો માણસ, મેં જોયો છે; તેં જોયો છે ?

## .10.

આ સુગન્ધી ગગનના હર પુષ્પની પાંખે લખીને, એક બાવળની કથા વ્હેતી મુકું;
વ્હેતી મુકું આ અક્ષરોની હોડીઓમાં, રીક્ત કાગળની કથા વ્હેતી મુકું.
પથ્થરોનાં વૃક્ષ જ્યાં ઉગી પળેપળ પાંગરે,
ને એક ડામરના ફુંફાડે ધુળ પણ જ્યાં થરથરે;
એ નગરના રેતના એકેક જણના કંઠમાં,
જળની કથા વ્હેતી મુકું.
જે સતત ધરબાય છે, આ કાળના પેટાળમાં;
એ જ બસ, ઉપસી શકે પર્વત બની આ ઢાળમાં;
ને સતત આકાશને પડકારતાં ઉન્નત શીખરના કાનમાં,
તળની કથા વ્હેતી મુકું.
કોઈ પણ કારણ વગર એ મન મુકી વરસી પડે,
ને વળી એકાદ પળમાં ક્યાંય ના શોધ્યું જડે!
આપણી વચ્ચે થતા દેખાવના વ્યવહારની આંખો સમક્ષ,
વીરક્ત વાદળની કથા વ્હેતી મુકું.
જોરથી ઝીંકાય જે કંઈ જાત પર, એનેય પાછા હુંફથી જે ભીંજવે;
એ સંતના પર્યાય વૃક્ષોના કદીયે અંત ક્યાંથી સંભવે?

લ્યો, કુહાડાની ચમકતી ધાર પર આ પાંગરેલી,
એક કુંપળની કથા વ્હેતી મુકું.

## .11.

સેલ્ફીના ચક્કરની લ્હાયમાં!
કો'ક વળી ડુબે છે દરીયાનાં મોજાંમાં, કો'ક વળી ખાબકે છે ખાઈમાં.
સેલ્ફીના ચક્કરની લ્હાયમાં!
કો'ક વળી વાંકો થઈ જુએ છે ખુદને; પણ ડાળને તો મુળ છે તે ઝુકે?
વળગીને વ્હાલ કરે નમણી બે વેલ, એમાં ઝાડ એના ફોટા ના મુકે.
કો'કને તો ખીણ આખી જોઈએ છે ક્લીકમાં, તે લટકી પડે છે એની ટ્રાઈમાં.
સેલ્ફીના ચક્કરની લ્હાયમાં!
કો'ક વળી પોતાનો ચહેરો જુએ છે ને એમાં રહે છે ગળાડુબ,
કો'ક વળી પોતાનો પડછાયો પક્કડવા કરતો રહે છે ઉડાઉડ;
કો'ક વળી છાપાના હેડીંગમાં લપસે, તો કો'ક વળી કેપીટલ 'આઈ'માં.
સેલ્ફીના ચક્કરની લ્હાયમાં ! ! !

**કૃષ્ણ દવે**

સર્જક–સમ્પર્ક :

A-20, Adarshnagar, Opp. NarayanKrupa Banglows,
BOPAL-GHUMA, Amdavad- 380 058
Phone : 02717-233 125  Mobile: 94265 63388
eMail : kavikrushnadave@gmail.com  AND  krushnadave@yahoo.co.in

@@@

'સન્ડે ઈ.મહેફીલ'ના આ અંકના અતીથી સમ્પાદકો સુરતના યુવાગઝલકારો ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર – (gaurang_charu@yahoo.com) અને ભાઈ શ્રી સુનીલ શાહ (sunilshah101@gmail.com)નો ખુબ ખુબ આભાર.. ..ઉત્તમ ગજ્જર..

@

'સન્ડે ઈ.મહેફીલ' – વર્ષ : તેરમું – અંક : 397 – 01 April, 2018

'ઉંઝાજોડણી'માં સાભાર અક્ષરાંકન : શ્રી સુનીલ શાહ sunilshah101@gmail.com

@@@

**Have you ever visited** : http://www.gujaratilexicon.com ?

More than 3,47,26,000 Gujarati Language lovers have visited http://www.gujaratilexicon.com

More than 92,06,000 have visited Digital Bhagwadgomandal http://www.bhagwadgomandal.com

More than 9,82,000 have visited Lokkosh http://lokkosh.gujaratilexicon.com

More than 8,70,000 have visited Global-Gujaratilexicon http://global.gujaratilexicon.com

@@@@@@@@@